## સ્વાધ્યાય 11.1

**1. જમીનના લંબચોરસ ભાગની લંબાઈ અને પહોળાઈ અનુક્રમે 500 મીટર અને 300 મીટર છે.**

**(i) તેનું ક્ષેત્રફળ શોધો.**

**જ.** લંબચોરસનું ક્ષેત્રફળ = લંબાઈ × પહોળાઈ

= 500 × 300

= 1,50,000 મીટર$^2$

**(ii) 1 મી$^2$ જમીનની કિંમત ₹ 10000 હોય, તો તેની કિંમત શોધો.**

**જ.** 1 મી$^2$ જમીનની કિંમત = 10,000

∴ 1,50,000 મી$^2$ જમીનની કિંમત = 10,000 × 1,50,000

= 1,50,00,00,000

તેથી, જમીનનું ક્ષેત્રફળ 1,50,000 મીટર$^2$ અને ₹ 1,50,00,00,000 કિંમત થશે.

**2. જેની પરિમિતિ 320 મીટર છે તેવા ચોરસ બાગનું ક્ષેત્રફળ શોધો.**

**જ.** ચોરસની પરિમિતિ = 4 × લંબાઈ

∴ 320 = 4 × લંબાઈ

∴ લંબાઈ $= \frac{320}{4}$

∴ લંબાઈ = 80 મીટર

હવે,

ચોરસનું ક્ષેત્રફળ = લંબાઈ × લંબાઈ

= 80 × 80

= 6400 મીટર$^2$

**3. જેનું ક્ષેત્રફળ 440 મી$^2$ છે અને લંબાઈ 22 મીટર છે તેવા જમીનના લંબચોરસ પ્લોટની પહોળાઈ શોધો. તેની પરિમિતિ પણ શોધો.**

**જ.** લંબચોરસનું ક્ષેત્રફળ = લંબાઈ × પહોળાઈ

∴ 440 મીટર$^2$ = 22 × પહોળાઈ

∴ પહોળાઈ $= \frac{440}{22}$

∴ પહોળાઈ = 20 મીટર

$$\text{લંબચોરસની પરિમિતિ} = 2(\text{લંબાઈ} + \text{પહોળાઈ})$$
$$= 2(22 + 20)$$
$$= 2 \times 42$$
$$= 84 \text{ મીટર}$$

**4. એક લંબચોરસની પરિમિતિ 100 સેમી છે, જો તેની લંબાઈ 35 સેમી હોય તો તેની પહોળાઈ શોધો. તેની પરિમિતિ પણ શોધો.**

**જ.** $\text{લંબચોરસની પરિમિતિ} = 2(\text{લંબાઈ} + \text{પહોળાઈ})$

$$\therefore 100 = 2(35 + \text{પહોળાઈ})$$
$$\therefore \frac{100}{2} = 35 + \text{પહોળાઈ}$$
$$\therefore 50 = 35 + \text{પહોળાઈ}$$
$$\therefore \text{પહોળાઈ} = 50 - 35$$
$$\therefore \text{પહોળાઈ} = 15 \text{ સેમી}$$

હવે,

$$\text{લંબચોરસનું ક્ષેત્રફળ} = \text{લંબાઈ} \times \text{પહોળાઈ}$$
$$= 35 \times 15$$
$$= 525 \text{ સેમી}^2$$

**5. એક ચોરસ બાગ અને એક લંબચોરસ બાગનાં ક્ષેત્રફળ સરખાં છે. જો ચોરસ બાગની બાજુનું માપ 60 મીટર હોય અને લંબચોરસ બાગની લંબાઈ 90 મીટર હોય તો લંબચોરસ બાગની પહોળાઈ શોધો.**

**જ.** $\text{ચોરસનું ક્ષેત્રફળ} = \text{લંબાઈ} \times \text{લંબાઈ}$

$$= 60 \times 60$$
$$= 3600 \text{ મીટર}^2$$

અહીં, ચોરસ અને લંબચોરસ ના ક્ષેત્રફળ સરખાં છે.

$$\text{લંબચોરસનું ક્ષેત્રફળ} = \text{લંબાઈ} \times \text{પહોળાઈ}$$
$$\therefore 3600 \text{ મીટર}^2 = 90 \times \text{પહોળાઈ}$$
$$\therefore \text{પહોળાઈ} = \frac{3600}{90}$$
$$\therefore \text{પહોળાઈ} = 40 \text{ મીટર}$$

તેથી, લંબચોરસ બાગની પહોળાઈ 40 મીટર છે.

**6. એક તાર, લંબચોરસ આકારમાં વાળેલો છે જેની લંબાઈ 40 સેમી અને પહોળાઈ 22 સેમી છે. જો તેને ખોલીને ફરીથી ચોરસ આકારમાં વળવામાં આવે તો તેની દરેક બાજુનું માપ કેટલું થશે ? કયો આકાર વધુ ક્ષેત્રફળ આવરે છે તે પણ નક્કી કરો.**

જ. અહીં ચોરસ વાયરની પરિમિતિ અને લંબચોરસ વાયરની પરિમિતિ સરખી છે.

$$\text{ચોરસની પરિમિતિ} = \text{લંબચોરસની પરિમિતિ}$$

$$\therefore 4 \times \text{લંબાઈ} = 2(\text{લંબાઈ} + \text{પહોળાઈ})$$

$$\therefore 4 \times \text{લંબાઈ} = 2(40 + 22)$$

$$\therefore 4 \times \text{લંબાઈ} = 2 \times 62$$

$$\therefore 4 \times \text{લંબાઈ} = 124$$

$$\therefore \text{લંબાઈ} = \frac{124}{4}$$

$$\therefore \text{લંબાઈ} = 31 \text{ સેમી}$$

હવે, લંબચોરસ અને ચોરસ ના ક્ષેત્રફળ શોધીશું.

$$\text{લંબચોરસનું ક્ષેત્રફળ} = \text{લંબાઈ} \times \text{પહોળાઈ}$$

$$= 40 \times 22$$

$$= 880 \text{ સેમી}^2$$

$$\text{ચોરસનું ક્ષેત્રફળ} = \text{લંબાઈ} \times \text{લંબાઈ}$$

$$= 31 \times 31$$

$$= 961 \text{ સેમી}^2$$

તેથી, ચોરસ ની લંબાઈ 31 સેમી થશે અને ચોરસ નું ક્ષેત્રફળ એ લંબચોરસના ક્ષેત્રફળ કરતાં વધુ થશે.

**7. એક લંબચોરસની પરિમિતિ 130 સેમી છે. જો તેની પહોળાઈ 30 સેમી હોય તો તેની લંબાઈ શોધો. તે લંબચોરસનું ક્ષેત્રફળ પણ શોધો.**

જ. $$\text{લંબચોરસની પરિમિતિ} = 2(\text{લંબાઈ} + \text{પહોળાઈ})$$

$$\therefore 130 = 2(\text{લંબાઈ} + 30)$$

$$\therefore \frac{130}{2} = \text{લંબાઈ} + 30$$

$$\therefore 65 = \text{લંબાઈ} + 30$$

$$\therefore \text{લંબાઈ} = 65 - 30$$

$$\therefore \text{લંબાઈ} = 35 \text{ સેમી}$$

હવે,

લંબચોરસનું ક્ષેત્રફળ $= $ લંબાઈ $\times$ પહોળાઈ

$= 35 \times 30$

$= 1050$ સેમી$^2$

**8. એક દીવાલમાં 2 મીટર લંબાઈ અને 1 મીટર પહોળાઈનું બારણું બેસાડેલું છે. દીવાલની લંબાઈ 4.5 મીટર અને પહોળાઈ 3.6 મીટર છે (આકૃતિ 11.6). જો દીવાલને ધોળવાનો દર પ્રતિ મી$^2$ ના ₹ 20 હોય તો દીવાલને ધોળવાનો ખર્ચ શોધો.**



**આકૃતિ 11.6**

જ. અહીં ધોળવા માટેની દીવાલ નું ક્ષેત્રફળ શોધવા દીવાલના ક્ષેત્રફળમાંથી બારણાનું ક્ષેત્રફળ બાદ કરવું પડે.

બારણાનું ક્ષેત્રફળ $= $ લંબાઈ $\times$ પહોળાઈ

$= 2 \times 1$

$= 2$ મીટર$^2$

દીવાલનું ક્ષેત્રફળ $= $ લંબાઈ $\times$ પહોળાઈ

$= 4.5 \times 3.6$

$= 16.2$ મીટર$^2$

તેથી, ધોળવા માટેની દીવાલનું ક્ષેત્રફળ = 16.2 – 2 = 14.2 મી2

હવે,

1 મી$^2$ નો ખર્ચ $= 20$

14.2 મી$^2$ નો ખર્ચ $= 14.2 \times 20$

$= 284$

તેથી, દીવાલ ધોળવાનો ખર્ચ ₹ 284 થશે.